# સ્નેહા ફાઉન્ડેશન

SNEHA FOUNDATION

A Dream for Everyone

ટ્રસ્ટ રજી. નં. એફ/૨૮૬૭ (ભાવનગર)    સોસાયટી રજી. નં. ગુજરાત/૨૯૪૫/ભાવનગર

**ઓગષ્ટ - ૨૦૨૬**

## સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં ૮૦મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત **એન. પી. મહેતા પ્રાથમિક શાળા**માં તારીખ **૧૫ ઓગસ્ટ, ૨૦૨૬**ના રોજ ભારતના **૮૦**મા **સ્વાતંત્ર્ય દિવસ**ની હર્ષોલ્લાસ અને દેશભક્તિના માહોલ વચ્ચે ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ વર્ષે ભારતની આઝાદીને **૭૯** વર્ષ પૂર્ણ થતાં **૮૦**મા **સ્વાતંત્ર્ય દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. આ પાવન પ્રસંગે કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે **ડૉ. હાર્દિકભાઈ ખત્રી** ઉપસ્થિત રહ્યા હતા.





✵ સ્થળ ✵

પ્લોટ નં. ૨૦૩-એ, સુર્યાવાળો ચોક, આનંદનગર વિમાના દવાખાના સામેનો ખાંચો, ખેડુતવાસ, ભાવનગર - ૩૬૪ ૦૦૫ (ગુજરાત)

snehafoundation1709@gmail.com    ૯૩૨૮૨૮૩૨૮૧    Snehafoundation Trust

www.snehafoundation.co.in    Snehafoundation Trust    Snehafoundation Trust

તેમના હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવી ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રગાન સાથે સમગ્ર શાળાનું વાતાવરણ દેશભકિત અને રાષ્ટ્રપ્રેમથી ગુંજી ઊઠ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ દેશભકિત ગીતો, રાષ્ટ્રગીતો તથા મનમોહક ડાન્સ પર્ફોર્મન્સ રજૂ કરવામાં આવ્યા હતા.

બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની કલાત્મક પ્રતિભા અને દેશપ્રેમની સુંદર અભિવ્યકિત કરી હતી. આ પ્રસંગે શાળામાં ઉત્કૃષ્ટ કામગીરી કરનાર શ્રેષ્ઠ શિક્ષક અને શ્રેષ્ઠ એડમિનને સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. તેમજ વિવિધ કાર્યક્રમોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર અને ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહનરૂપે ઈનામો આપી તેમની પ્રતિભાને બિરદાવવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમ આનંદ, ઉત્સાહ, રાષ્ટ્રભાવના અને દેશભકિતના રંગે રંગાચેલો રહ્યો હતો. વિદ્યાર્થીઓ, શિક્ષકો અને ઉપસ્થિત સૌએ સ્વાતંત્ર્ય સેનાનીઓના બલિદાનને યાદ કરી દેશની એકતા, અખંડિતતા અને પ્રગતિ માટે પોતાનું યોગદાન આપવાનો સંકલ્પ કર્યો હતો.

આમ, સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો ૮૦મો સ્વાતંત્ર્ય દિવસનો કાર્યક્રમ ખૂબ જ ઉત્સાહપૂર્ણ અને યાદગાર બની રહ્યો હતો.







# લર્નિંગ સેન્ટર

સ્નેહા ફાઉન્ડેશન લર્નિંગ સેન્ટર ખાતે આ માસ દરમિયાન ધોરણ ૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે વાલી મિટિંગનું આયદજન કરવામાં આવ્યું હતું. આ મિટિંગનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓના શૈક્ષણિક વિકાસ, અભ્યાસમાં પ્રગતિ તેમજ તેમના વર્તન અને સર્વાંગી વિકાસ અંગે વાલીઓને માહિતગાર કરવાનો હતો.

મિટિંગ દવરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની અભ્યાસમાં પ્રગતિ, શિસ્ત, અને વધુ સારા પરિણામ અને સર્વાંગી વિકાસ માટે સંસ્થા તથા વાલીઓ વચ્ચે સારો સંવાદ અને સહકાર જળવાઈ રહે તે અંગે પણ માર્ગદર્શન આપાવમાં આવ્યું હતું.

વાલીઓએ પણ પોતાના સુચનો અને પ્રશ્નો શિક્ષકો સમક્ષ રજુ કર્યા હતા. શિક્ષકો દ્વારા વાલીઓના પ્રશ્નોનું યોગ્ય માર્ગદર્શન અને નિરાકરણ આપવામાં આવ્યું હતું. આ વાલી મિટિંગ દ્વારા શિક્ષકો અને વાલીઓ વચ્ચે વધુ સારો સંવાદ અને સહકાર સ્થાપિત થયો હતો.

સમગ્ર વાલી મિટિંગ સફળતાપૂર્વક યોજાઈ હતી અને વિદ્યાર્થીઓના ઉજજવળ ભવિષ્ય માટે શાળા તથા વાલીઓ સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યકત કરવામાં આવી હતી.




# એન. પી. મહેતા પ્રાથમિક શાળાનો અહેવાલ

આ માસ દરમિયાન એન. પી. મહેતા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક તથા વ્યકિતગત વિકાસને ધ્યાનમાં રાખીને વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં વિદ્યાર્થીઓના વાલીઓએ ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહી શિક્ષકો સાથે પોતાના બાળકોના અભ્યાસ અને પ્રગતિ અંગે ચર્ચા કરી હતી.

મિટિંગ દરમિયાન શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની દૈનિક અભ્યાસની ટેવ, શૈક્ષણિક પ્રગતિ, નિયમિત હાજરી, શિસ્ત તેમજ વર્ગખંડમાં તેમની પ્રવૃતિઓ અંગે વાલીઓને માહિતીગાર કરવામાં આવ્યા હતા. સાથે સાથે બાળકો ઘરે પણ નિયમિત અભ્યાસ કરે, વાંચનની ટેવ વિકસાવ અને શિક્ષણ પ્રત્યે રસ જાળવી રાખે તે માટે વાલીઓને જરૂરી સૂચનો આપવામાં આવ્યા હતા.

વાલીઓને પોતાના બાળકોના અભ્યાસને લગતા પ્રશ્નો અને સૂચનો શિક્ષકો સાથે શેર કર્યા હતા. શિક્ષકોએ પણ દરેક વિદ્યાર્થીની જરૂરીયાત મુજબ યોગ્ય માર્ગદર્શન આપી વાલીઓને શાળા સાથે સતત સંપર્કમાં રહેવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ વાલી મિટિંગના માધ્યમથી શાળા અને વાલીઓ વચ્ચે પરસ્પર સંવાદ વધુ મજબુત બન્યો હતો. બાળકોના શૈક્ષણિક વિકાસ સાથે તેમના સારા સંસ્કાર અને સર્વાંગી વિકાસ માટે શાળા તથા વાલીઓ સાથે મળીને પ્રયત્ન કરે તેવો સકારાત્મક સંદેશ આ બેઠક દ્વારા મળ્યો હતો.



# સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ

## • સિંહ દિવસની ઉજવણી

તારીખ ૧૦ ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકોના જ્ઞાનમાં વધારો થાય અને વન્યજીવો તથા પર્યાવરણ પ્રત્યે જાગૃત કરવામાં આવે તે હેતુથી સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને સિંહ વિશે વિવિધ રસપ્રદ અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

ઉજવણી દરમિયાન બાળકોને સિંહ સંબંધિત ચિત્રો અને માહિતી દ્વારા સમજ આપવામાં આવી હતી. બાળકોને સિંહ વિશે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા અને તેમની રસપ્રદ ચર્ચા કરવામાં આવી હતી, જેના કારણે બાળકોમાં સિંહ અને અન્ય વન્યજીવો વિશે જાણવાની ઉત્સુકતા જોવા મળી હતી.

આ પ્રવૃિ દ્વારા બાળકોમાં વન્યજીવો પ્રત્યે પ્રેમ, પ્રકૃતિ પ્રત્યે સંવેદનશીલતા, પર્યાવરણનું જતન કરવાની ભાવના અને પ્રાણીઓના સંરક્ષણ અંગે જાગૃતિ કેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સિંહ દિવસની ઉજવણી બાળકો માટે જ્ઞાન સાથે આનંદ અને નવી સમજણ મેળવવાનો સુંદર અનુભવ બની રહી હતી.






# ● ફોનથી થતાં લાભો અને ગેરલાભો

તારીખ **૧૭ ઓગષ્ટ, ૨૦૨૬**ના રોજ સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં સર્વાંગી વિકાસલક્ષી પ્રવૃત્તિ અંતર્ગત બાળકોને ફોન થી થતાં લાભો અને ગેરલાભો વિશે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ ફોનનો યોગ્ય ઉપયોગ શિક્ષણ અને જ્ઞાન મેળવવા માટે ખુબ ઉપયોગી બની શકે છે, ત્યારે તેનો અતિરેક અને અયોગ્ય ઉપયોગ બાળકોના અભ્યાસ, એકાગ્રતા, ઊંઘ, સમય વ્યવસ્થાપન અને દૈનિક જીવન પર નકારાત્મક અસર કરી શકે છે.

પ્રવૃત્તિ દરમિયાન બાળકો સાથે ચર્ચા કરીને તેમને મોબાઈલનો જરૂરિયાત મુજબ અને મર્યાદિત ઉપયોગ, શૈક્ષણિક હેતુઓ માટે ટેકનોલોજીનો સદુપયોગ તથા ઓનલાઈન દુનિયામાં પોતાની વ્યક્તિગત માહિતીની સુરક્ષા અંગે સમજ આપવામાં આવી હતી.

બાળકોને એ પણ પ્રોત્સાહિત કરવામાં આવ્યા કે મોબાઈલ સાથે સંતુલન જાળવીને પુસ્તક વાંચન, રમતગમત, સર્જનાત્મક પ્રવૃત્તિઓ અને પરિવાર સાથે સમય પસાર કરવા જેવી પ્રવૃત્તિઓને પણ જીવનનો મહત્ત્વનો ભાગ બનાવે.




# ● રાખડી બનાવતા શિખવવામાં આવ્યું

તારીખ ૨૨ ઓગષ્ટ, ૨૦૨૬ના રોજ સ્નેહા ફાઉન્ડેશનના લર્નિંગ સેન્ટરમાં અભ્યાસ કરતા બાળકોના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને સમયાંતરે વિવિધ સર્જનાત્મક, સાંસ્કૃતિક, શૈક્ષણિક અને જીવનલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. આ અંતર્ગત રક્ષાબંધન પર્વને ધ્યાનમાં રાખીને બાળકોને રાખડી બનાવવાની સર્જનાત્મક પ્રવૃત્તિ કરાવવામાં આવી હતી.

આ પ્રવૃત્તિનો મુખ્ય હેતુ બાળકોમાં રહેલી સર્જનાત્મકતા, કલ્પનાશકિત, હાથની કુશળતા, એકાગ્રતા અને આત્મવિશ્વાસનો વિકાસ કરવાનો હતો. બાળકોને વિવિધ રંગો, દોરા, મોતી, શણગારની સામગ્રી વગેરેનો ઉપયોગ કરીને પોતાની કલ્પના મુજબ સુંદર અને આકર્ષક રાખડીઓ બનાવતા શીખવવામાં આવ્યું હતું.

પોતાના હાથથી બનાવેલી રાખડી જોઈને બાળકોમાં ખુબ જ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો. પોતાની બનાવેલી વસ્તુ અન્ય વ્યકિતને ભેટરૂપે આપવાથી બાળકોમાં આપવાની ભાવના, લાગણી વ્યકત કરવાની ક્ષમતા અને આત્મસંતોષ જેવા ગુણોનો વિકાસ થાય તે દિશામાં પણ તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં.





# તહેવારોની ઉજવણી

## ● રક્ષાબંધન પર્વની ઉજવણી

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થામાં બાળકોમાં ભારતીય સંસ્કૃતિ અને તહેવારો પ્રત્યેની સમજ અને લાગણી વિકસે તે હેતુથી રક્ષાબંધન પર્વની આનંદમય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે બાળકોને રક્ષાબંધન પર્વનું મહત્ત્વ, ભાઈ-બહેનોના પ્રેમ અને એકબીજા પ્રત્યેની કાળજી તથા જવાબદારી વિશે સમજાવવામાં આવ્યું હતું.

ઉજવણીના ભાગરૂપે બહેનો દ્વારા ભાઈઓના કપાળ પર તિલક કરી, ભાઈના હાથે રાખડી બાંધી, મીઠું મોઢુ કરાવી રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. સાથે સાથે બાળકોને રક્ષાબંધન પર્વનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું હતું.

આ સાથે શ્રી નમ્રતાદીદી તથા તેમની ટીમમાંથી આવેલ બહેનોએ બાળકો માટે સુંદર અને જ્ઞાનવર્ધક માર્ગદર્શન આપ્યું હતું. સાથે સાથે ભારતીય સંસ્કૃતિમાં વિવિધ તહેવારોનું મહત્ત્વ અને આપણી પરંપરાઓ સાથે જોડાયેલા સંસ્કારો વિશે પણ બાળકોને માહિતગાર કરવામાં આવ્યા હતાં.

આ પ્રસંગે શ્રી નમ્રતાદીદી તથા તેમની ટીમ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરતા દરેક બાળક તેમજ શિક્ષકોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની શુભેચ્છાઓ પાઠવી હતી. રાખડી બાંધતી વખતે સૌના સુખ, સમૃદ્ધિ અને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યકત કરવામાં આવી હતી. બાળકોમાં પણ આ પ્રવૃત્તિ પ્રત્યે ખૂબ જ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો.







# તરૂણાવસ્થા

સ્નેહા ફાઉન્ડેશન સંસ્થા દ્વારા કાર્યરત તરૂણાવસ્થા પ્રોજેક્ટ અંતર્ગત ડૉ. હાર્દિકભાઈ ખત્રી દ્વારા કુલ ૧૪૫ દિકરીઓને સેનેટરી પેડ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રોજેક્ટના નિયમિત કાર્યથી આજે સંસ્થા સાથે જોડાયેલ તમામ દિકરીઓ પેડ્સનો ઉપયોગ કરતી થઈ જેના કારણે સ્ત્રીઓમાં થતાં રોગોનું પ્રમાણ ઘટ્યું અને દિકરીઓમાં જાગૃતતા આવી હતી.

## • ખુશી વહેંચવાનો સુંદર પ્રયાસ

આપવામાં જે આનંદ છે, તે મેળવવામાં નથી. આ સુંદર ભાવનાને સાકાર કરતાં નૈમિશારણ્ય શાળાના બાળકો દ્વારા "JOY OF GIVING" અંતર્ગત સ્નેહા ફાઉન્ડેશન સંચાલિત એન. પી. મેહતા પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા બાળકોને ભેટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે નૈમિશારણ્ય શાળાના બાળકોએ પોતાની ખુશીને અન્ય બાળકો સાથે વહેંચી, પ્રેમ, લાગણી અને સહભાગિતાનો સુંદર સંદેશ આપ્યો હતો. પોતાના સાથી બાળકો માટે ભેટ લઈને આવેલા બાળકોના ચહેરા પર પણ અને ભેટ મેળવનાર બાળકોના ચહેરા પર પણ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પહેલ માત્ર ભેટ આપવા પૂરતી મર્યાદિત ન રહી, પરંતુ બાળકોમાં વહેંચણી, સહાનુભૂતિ, પરસ્પર પ્રેમ અને સામાજિક જવાબદારી જેવા મૂલ્યો વિકસાવવાનો સુંદર પ્રયાસ બની રહી. નાની ઉંમરે આવી ભાવના કેળવાય તે માટે આવા પ્રસંગો ખૂબ જ મહત્વપૂર્ણ છે.

**JOY OF GIVING** દ્વારા બાળકોને એ શીખવા મળ્યું કે ખુશી માત્ર મેળવવાની નહીં, પરંતુ કોઈના જીવનમાં ખુશીની એક નાની ક્ષણ ઉમેરવાથી પણ મળે છે. આ સુંદર પહેલ બદલ નૈમિશારણ્ય શાળાના તમામ બાળકો અને શિક્ષકોનો સ્નેહા ફાઉન્ડેશન તરફથી હૃદયપૂર્વક આભાર.






# બાળકો માટેની અન્ય પ્રવૃત્તિઓ

- સંસ્થા દ્વારા જરૂરિયાતમંદ બાળકોને શિક્ષણ આપવાની સાથે સાથે જીવન જરૂરિયાતની વસ્તુનું પણ વિતરણ કરવામાં આવે છે.

➤ વર્ષ ૨૦૨૬ના ઓગષ્ટ મહિનામાં બાળકોને આહારના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાત્તાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી કમલેશભાઈ શાહના જન્મદિવસ નિમિત્તે સંસ્થાના બાળકોને પ્રેમભોજન સ્વરૂપે ઈડલી-સાંભાર અને સોડા પીરસવામાં આવ્યું હતું. | ૨૮૪ | ૨૯૪ | ૫૭૮ | શ્રી કમલેશભાઈ શાહ (લાયન્સ કલબ ઓફ ભાવનગર) |
| ૨. | શ્રી જૈન સમાજના પરમ પૂજ્ય આચાર્ય વિજય શ્રી રાજહંસૂરીશ્વરજી મહારાજ સાહેબની પ્રેરણનથી ઓગષ્ટ માસ દરમિયાન દર ગુરૂવારે બાળકોને પ્રેમભોજન સ્વરૂપે પૌષ્ટિક ભોજન પીરસવામાં આવ્યું હતું. | -- | -- | -- | શ્રી ગુરૂભકત પરિવાર |

## ➤ વર્ષ ૨૦૨૬ના ઓગષ્ટ મહિનામાં બાળકોને સ્ટેશનરી અને જરૂરી સામગ્રીના વિતરણની યાદી અને દાતાશ્રીઓના નામ નીચે મુજબ છે.

| ક્રમ | પ્રસંગનું નામ | બાળકોની સંખ્યા | | | દાતાશ્રી નું નામ |
|---|---|---|---|---|---|
| | | M | F | T | |
| ૧. | શ્રી વિજયભાઈ શાહ તરફથી સંસ્થાના બાળકોને સહપ્રેમ સ્ટેશનરીનું વિતરણ કરવામાં આવ્યું હતું. | ૨૮૩ | ૨૯૧ | ૫૭૪ | શ્રી વિજયભાઈ શાહ (પાનવાળા) |
| ૨. | એક શુભેચ્છક તરફથી સંસ્થાની દિકરીઓને સહપ્રેમ ડ્રેશ આપવામાં આવ્યો હતો. | -- | -- | -- | -- |

## ➤ ઓગષ્ટ માસમાં સંસ્થાની મુલાકાતે આવેલ મુલાકાતીઓની યાદી

| ક્રમ | મુલાકાતીઓનું નામ |
|---|---|
| ૧. | શ્રી કમલેશભાઈ શાહ<br>શ્રી લાયન્શ કલબ ઓફ ભાવનગર ટીમ |
| ૨. | શ્રી વિજયભાઈ શાહ (પાનવાળા) |
| ૩. | શ્રી નમ્રતાદીદી |
| ૪. | શ્રી હરેશભાઈ (ગુરૂ ભકત પરિવાર) |

## સપ્ટેમ્બર-૨૦૨૬ના સૂચિત કાર્યક્રમો

| તારીખ | આયોજનની વિગત |
|---|---|
| ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૬ | શિક્ષક દિવસની ઉજવણી. |
| ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૬ | સંગીત સંધ્યા કાર્યક્રમ. |
| ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૬ | ગણેશ ચતુર્થી ઉજવણી. |
| ૧૫ સપ્ટેમ્બર ૨૦૨૬ | બાળકો માટે ગણિત-વિજ્ઞાન વર્કશોપ. |
| ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૬ | મેડિકલ કેમ્પ. |
| ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ | ૨૦માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે ઉજવણી. |
| ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬ | આયુષ્માન કાર્ડ કેમ્પ. |
| ૧૯ સપ્ટેમ્બર ૨૦૨૬ | ફૂડ ફેસ્ટિવલ કાર્યક્રમ. |
















એન. પી. મહેતા પ્રાથમિક શાળા
બાલ મંદિર
MEGA RALLY
સંચાલિત
એન. પી. મહેતા પ્રાથમિક શાળા

## આપને સહભાગી થવા નિમંત્રણ:

તકવંચિત બાળકો પ્રત્યેની જવાબદારીની આ યાત્રા આપણો એક નમ્ર પ્રયત્ન છે. મર્યાદાઓ અને પડકારો અનેક છે, પરંતુ આપ સૌની શુભેચ્છાઓ અને સક્રીય સહયોગ અમારા માટે પ્રેરણારૂપ બની રહેશે.

સંસ્થાની વધતી જતી પ્રવૃતિઓ અને વધતા જતા વ્યાપ અને વિસ્તરણ માટે એ બાબત સ્વાભાવિક જ છે કે એ માટે સંસ્થાનું ભંડોળ વધે. આના માટે ઉદાર દાતાઓની સખાવત અમારા માટે નવું પ્રેરણાબળ પુરું પાડશે. દાન, અનુદાન દ્વારા આપ પણ આ સંસ્થાના સેવાકીય વિકાસ સાથે જોડાઓ તેવી અમારી વિનમ્ર અપીલ છે. સંસ્થા સંપુર્ણપણે આવા દાન દ્વારા જ વધુ વિકસશે. તેને દરિદ્રનારાયણોની સેવામાં વધુમાં વધુ આગળ વધવાની તક મળશે.

**સંસ્થાને અપાતી આર્થિક સહાય ૮૦(જી) હેઠળ કરમુક્ત છે.**

**80(G) No.: DIT(E)/80G(5)/351/SF/2015-16, Dt. 21-01-2016**
**PAN No.: AAPTS4988N**

### બેંકની વિગત

Sneha Foundation
IDBI Bank Account No. : 0071104000438575
IFS Code : IBKL0000071
UPI ID : 1000200723000011.9328283281@idbi

**UPI QR CODE**

**આ સેવાયજ્ઞમાં જોડાવા માટે આપ અમારો સંપર્ક કરો:**

૯૩૨૮૨૮૩૨૮૧ - ૯૫૮૬૮૬૩૨૧૮ - ૯૫૧૦૮૮૮૯૯૦

snehafoundation1709@gmail.com

www.snehafoundation.co.in

Snehafoundation Trust

Snehafoundation Trust

Snehafoundation Trust

**નોંધ:- કોર્પોરેટ કંપનીના CSR ફંડ માંથી દાન સ્વીકાર્ય છે.**

**સંકલન :- વિરલ ગીલ, વિમલ વાઘેલા**